## :નૌરોજી ફળ માખી ટ્રેપ/બ્લોક ના વેચાણ અંગે:

# પરિપત્ર

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ/ સબયુનિટ અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે ફળ પાકો અને વેલાવાળા શાકભાજીના પાકોને નુકસાન કરતી ફળમાખીના નિયંત્રણ માટેનાં ટ્રેપ/બ્લોક નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે કાર્યરત અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલયનાં નેજા હેઠળ **પ્રાધ્યાપક અને વડા, પાક સંરક્ષણ વિભાગના સંપૂર્ણ તાંત્રિક માર્ગદર્શનથી** શાકભાજી સંશોધન ફાર્મ હસ્તકનાં રીવોલ્વીંગ ફંડ બજેટ સદર "૯૫૧૦ –એન–૯૩" અંતર્ગત તૈયાર કરવામાં આવે છે. સદરહુ ટ્રેપ/બ્લોક જાહેર રજાના દિવસો સિવાય સવારે ૮ થી ૧૨ અને બપોરે ૨ થી ૫ દરમ્યાન એટીક, યુનિવર્સિટી મેઈન ગેટની બાજુમાં, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી (સંપર્કઃ 02637 282786) તથા શાકભાજી સંશોધન ફાર્મ, પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીથી (સંપર્ક : 9662532815, 9662532859 અથવા 8140050359 ) પ્રાપ્ત થઈ શકશે.

મા. સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનાં તા. ૯/૬/૨૦૨૧ નાં પરિપત્ર ક્રમાંક જા.નં. નકૃયુ/સંનિ/ઉચ્ચક દરો/ ટી–૨(એ) /૪૫૪૮/૨૦૨૧ અન્વયે તા. ૧/૬/૨૦૨૧ની અસરથી બીજો આદેશ ન થાય ત્યાં સુધી ટ્રેપ/બ્લોકનાં નીચે મુજબનાં નવા દરો વર્ષ ૨૦૨૧–૨૨ ના એનેક્ષર –જી મુજબ ખેડૂતો /સંસ્થાઓ માટે મંજૂર કરવામાં આવેલ છે તે દરે મેળવી શકાશે.

| અ.નં. | નૌરોજી ટ્રેપ/બ્લોકની વિગત | જથ્થો (નંગ) | ખેડૂતો / સંસ્થા માટે દર (રૂ.) |
|---|---|---|---|
| ૧ | **ફળ પાકો માટે** | | |
| | નૌરોજી ફ્રૂટ ફલાય ટ્રેપ | ૧ | ૫૫/– |
| | ફ્રૂટ ફલાય બ્લોક | ૧ | ૩૫/– |
| ૨ | **વેલાવાળા શાકભાજી માટે** | | |
| | નૌરોજી કયુલ્યુર ટ્રેપ | ૧ | ૭૫/– |
| | કયુલ્યુર બ્લોક | ૧ | ૫૫/– |
| ૩ | ફકત ટ્રેપ (પિંજર) | ૧ | ૨૦/– |

**નોંધઃ– ૧૦૦ નંગ કે તેથી વધારેના ટ્રેપ/બ્લોકની જરૂરીયાત માટે અગાઉથી રૂબરૂમાં/ટેલીફોન પર નોંધણી કરાવવા નમ્ર વિનંતી છે.**

આચાર્ય

જા.નં અબાવકોન /શા.વિ.વિ./ફ્રૂટ ફલાય – કયુલ્યુર ટ્રેપ / ૧૩૭૯૯ /૨૦૨૧
તા. ૨૧/૯/૨૦૨૧

નકલ સવિનય રવાના જાણ થવા સારૂ:

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનાં તમામ કચેરી/ યુનિટ/ સબયુનિટ અધિકારીશ્રીઓ તરફ ઘટતું થવા સારૂ